


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૪ | ૧૪ જાન્યુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ખેડૂતો આંદોલન યથાવત રાખવા મક્કમ

## સિંઘુ બોર્ડર પર ખેડૂતોએ નવા કૃષિ કાયદાની કોપીઓ સળગાવી લોહરીનો તહેવાર મનાવ્યો



ન્યુ દિલ્હી,તા.૧૩

મોદી સરકારના નવા કૃષિ કાયદાનો સતત વિરોધ થઈ રહ્યો છે. જેના કારણે પંજાબ-હરિયાણાના ખેડૂત છેલ્લા દોઢ મહિનાથી દિલ્લી પાસેની અન્ય રાજ્યોની સીમાઓ પર ડેરો નાખીને બેઠા છે. પ્રદર્શન સ્થળ પર જ ખેડૂતોએ પોતાના રહેવા, ખાવા અને મનોરંજનની વ્યવસ્થા કરી લીધી છે. બુધવારે ખેડૂતોએ સિંધુ બોર્ડર પર લોહરીનો તહેવાર મનાવ્યો. આ દરમિયાન તેમણે આગ પ્રગટાવીને તેમાં તલ, ગોળની જગ્યાએ નવા કાયદાની કૉપીઓ નાખીને તેને બાળી.

વાસ્તવમાં કેન્દ્ર સરકાર ખેડૂત સંગઠનો સાથે ઘણા રાઉન્ડની વાતચીત કરી ચૂકી છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યા સુધી કૃષિ કાયદો પાછો લેવામાં નહિ આવે ત્યાં સુધી તેમનુ પ્રદર્શન ચાલુ રહેશે. ત્યારબાદ આ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. કોર્ટે પણ આ મામલે એક સમિતિની રચના કરીને નવા કાયદાઓ પર અસ્થાયી રીતે રોક લગાવી દીધી છે પરંતુ ખેડૂતો હજુ પણ માનતા નથી. તેમનુ કહેવુ છે કે નવા કાયદોના પાછો લીધા બાદ જે તે પ્રદર્શન સ્થળેથી હટશે.

આ દરમિયાન આખા દેશમાં બુધવારે લોહરીનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે. કૃષિ પ્રધાન રાજ્ય હોવાના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## રસીકરણ અભિયાન, કો-વિન એપ લોન્ચ ૧૬મીએ પ્રધાનમંત્રી કરશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ રીતે આ અભિયાનની શરૂઆત કરી શકે છે, દેશના જુદા-જુદા રાજ્યમાં વેક્સિનેશનની એક સાથે શરૂઆત કરાશે**

નવી દિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ જાન્યુઆરીએ દેશમાં કોરોના વેક્સિનેશનના મહાભિયાનની શરૂઆત કરશે. સાથે જ પીએમ મોદી દ્વારા કો-વિન એપ પણ લોન્ચ કરવામાં આવશે. દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસ વિરુદ્ધ રસીકરણનું મહાભિયાન શરૂ થશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પીએમ મોદી વર્ચ્યુઅલ રીતે આ અભિયાનની શરૂઆત કરી શકે છે. દેશના જુદા-જુદા રાજ્યોમાં આ દરમિયાન એક સાથે વેક્સિનેશનની શરૂઆત કરાશે.

નોંધનીય છે કે, કોરોના વેક્સિન લેનારને બે ડોઝ આપવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન કરાવું પડશે. તે બાદ જ કો-વિન એપ દ્વારા રસીકરણની તારીખ, સ્થળ અને અન્ય માહિતી આપવામાં આવશે. બન્ને ડોઝ આપ્યા બાદ વ્યક્તિને ફોન પર જ સર્ટિફિકેટ આવી જશે.

દિલ્હીની વાત કરીએ તો લોકનારાયણ જય પ્રકાશ હોસ્પિટલમાં વેક્સિનેશન અભિયાનની શરૂઆત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે આ કાર્યક્રમમાં દિલ્હીની મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન સામેલ થઇ શકે છે. આ ઉપરાંત રાજીવ ગાંધી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં પણ અભિયાન શરૂ કરવામાં આવશે, જ્યાં કોરોના રસીનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં બે વેક્સિનને મંજૂરી મળી છે. કોવિશીલ્ડ અને કોવેક્સિન. જેની સપ્લાઈ ગઈકાલથી શરૂ થઇ ચૂકી છે. દેશના દરેક રાજ્યોમાં



વેક્સિનને પહોંચાડવામાં આવી રહી છે. ભારતમાં ઘણા તબક્કામાં વેક્સિનેશનનું કાર્ય થશે. જેની શરૂઆત ૧૬ જાન્યુઆરીથી થશે.

હાલ ત્રણ કરોડ કોરોના વોરિયર્સને વેક્સિન અપાશે. જે બાદ ફ્રન્ટલાઈન વર્કર્સ, ૫૦ વર્ષથી વધુ ઉંમરવાળા લોકો અને ગંભીર બિમારી ધરાવતાં લોકોને ડોઝ આપવામાં આવશે. દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડ ઉપરાંત, ભારત બાયોટેકની કોવેક્સિનની સપ્લાય પણ શરૂ થઈ ગઈ છે.

## દુષ્યંત ચૌટાલાએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી

ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનની વચ્ચે હરિયાણાના ઉપ-મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બુધવારે મુલાકાત કરી હતી. મંગળવારના ચૌટાલા ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. ચૌટાલા હરિયાણામાં બીજેપી સરકારમાં ગઠબંધન ભાગીદાર જનનાયક જનતા પાર્ટીનાના નેતા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે જેજેપીના કેટલાક ધારાસભ્યો પ્રદર્શનકારી ખેડૂતોના દબાવમાં છે. જેજેપીએ એક નિવેદનમાં કહ્યું છે કે ચૌટાલા બુધવારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

## સમિતિ બાબતે કોઈને પણ સાંભળવા સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કૉર્ટે ત્રણેય નવા કૃષિ કાયદાઓના અમલ પર સ્ટે લગાવી દીધો છે. અદાલતે ૪ સભ્યોવાળી એક સમિતિનું ગઠન કર્યું છે, જે આ કાયદા ને વિસ્તૃત રીતે ચકાસશે. કમિટીએ જોશે કે કઈ જોગવાઈ ખેડૂતોના હિતમાં છે. બે મહિનામાં કમિટીની રિપોર્ટ સુપ્રીમ કૉર્ટને સોંપવામાં આવશે. સીજેઆઈ એસએ બોબડે, જસ્ટિસ એએસ બોપન્ના અને જસ્ટિસ વી રામસુબ્રમણ્યમની ખંડપીઠે કહ્યું કે કમિટી સરકાર સહિત તમામ હિતધારકોની વાત સાંભળશે. જ્યારે કેટલાક વકીલોએ કહ્યું કે કમિટીનું સ્વરૂપ સૌને સ્વીકાર્ય હોવું જોઈએ તો સીજેઆઈએ વલણ સ્પષ્ટ કરી દીધું.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર સમાચાર અંક બંધ

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૧ને ગુરૂવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૨૧ને શુક્રવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## મની લોન્ડરિંગ કેસમાં ટીએમસીના પૂર્વ સાંસદ કેડી સિંહની ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તૃણમૂલના પૂર્વ સાંસદ કે ડી સિંહની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હોવાનું જણાવ્યું છે. ઈડીની અધિકારીના જણાવ્યા મુજબ પૂર્વ સાંસદ કેડી સિંહની પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અંતર્ગત એક કેસમાં બુધવારે ધરપકડ કરવામાં આવી છે. ટીએમસીના પૂર્વ સાંસદ સિંહ છેલ્લા થોડા સમયથી પાર્ટીની બાબતોમાં પણ સામેલ નથી રહેતા.

મની લોન્ડરિંગના બે જુદા જુદા કેસમાં ઈડીએ સપ્ટેમ્બર ૨૦૧૯માં કે ડી સિંહના વિવિધ ઠેકાણાઓ પર તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ કે ડી સિંહ અલકેમિસ્ટ ગ્રુપના ચેરમેન હતા તેમજ ૨૦૧૨માં પદ પરથી રાજીનામું આપ્યા બાદ તેઓ ચેરમેન, ઈમેરિટસ અને સ્થાપક તરીકે યથાવત હતા. ઈડી મની લોન્ડરિંગના બે કેસમાં કે ડી સિંહની પૂછપરછ કરી રહ્યું છે.

ઈડીના સૂત્રોના મતે દરોડા દરમિયાન સિંહ પાસેથી કેટલાક શંકાસ્પદ નાણાં વ્યવહાર થયા હોવાનું જણાયું હતું. આ ઉપરાંત ડિજિટલ પુરાવા અને મિલકતના દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. દિલ્હી સ્થિત પૂર્વ સાંસદના ઘરે તપાસમાં ઈડીને ૩૨ લાખની રોકડ તેમજ ૧૦,૦૦૦ યુએસ ડોલર વિદેશી ચલણ મળ્યું હતું.

## સાંસદ કલ્યાણ બેનર્જીનું માથું કાપનારને ૫ કરોડનું ઈનામ

**અયોધ્યાના મહંત પરમહંસ દાસની જાહેરાત**

કોલકાતા, તા. ૧૩

હાલમાં જ ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ યૂપીની કાયદા વ્યવસ્થા પર કટાક્ષ કરતા મા સીતા પર અભદ્ર ટિપ્પણી કરી હતી. તેનાથી રામનગરી અયોધ્યામાં ખાસ કરીને સંતો ઘણા જ નારાજ થયા છે. તપસ્વી છાવણીના મહંત પરમહંસ દાસે ટીમએસી સાંસદ પર રાસુકા લગાવવાની માંગ કરી છે. રાસુકા ના લગાવવા પર તેમનું માથું કાપનારાને ૫ કરોડ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યુ છે. પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ યૂપીની કાયદા વ્યવસ્થા પર મજાક કરતા એક નિવેદન આપ્યું હતુ. તેમના આ નિવેદનનો વિડીયો ઘણો જ વાયરલ થયો. આ વિડીયોને જોયા બાદ અયોધ્યાના સંતોમાં ઘણો જ આક્રોશ જોવા મળી રહ્યો છે.

## ઈલેક્ટ્રિક કાર બનાવતી ટેસ્લાની ભારતમાં એન્ટ્રી

નવી દિલ્હી, તા. ૧૩

દુનિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિઓમાંથી એક એલન મસ્કની ઈલેક્ટ્રિક કાર બનાવતી ટેસ્લાની ભારતમાં એન્ટ્રી થઈ ગઈ છે. તેમણે ટેસ્લા ઈન્ડિયા મોટર એન્ડ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ નામથી રજિસ્ટ્રેશન કરાવ્યું છે. કંપની અહીં લગ્ઝરી ઈલેક્ટ્રિક કારોનું નિર્માણ અને વેચાણ કરશે. ટેસ્લાએ પહેલી ઓફિસ બેંગ્લુરુમાં બનાવી છે. બેંગ્લુરુમાં એક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યુનિટ સાથે પોતાની કામગીરી શરુ કરી છે.

કર્ણાટકાના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ ટેસ્લાનું સ્વાગત કર્યુ છે. કોર્પોરેટ મુદ્દાઓના મંત્રાલય મુજબ, ટેસ્લા ૮ જાન્યુઆરીએ બેંગ્લુરુમાં આવી છે. કંપની ભારતમાં મૉડલ ૩ લોન્ચ કરી શકે છે. વર્ષના અંતિમ ત્રિમાસિકમાં ડિલિવરી શરુ કરવામાં આવી શકે છે.

ટેસ્લાના સીઈઓ એલન મસ્કે પાછલા વર્ષે ઓક્ટોબરમાં એક ટ્વિટ કરીને કહ્યું હતું કે તેમની કંપની ૨૦૨૧માં ભારતના બજારમાં પ્રવેશ કરશે. મસ્કે એક ટ્વિટના જવાબમાં લખ્યું હતું કે નિશ્ચિત રીતે તેમની કંપની આગામી વર્ષે ભારતમાં એન્ટ્રી કરશે. ટેસ્લાનું વાર્ષિક વેચાણ ૨૦૨૦માં ૩૬% વધ્યું છે. જોકે,

● અનુસંધાન પાન-૭ પર


aashka HOSPITAL

NABH



તમામ સેવાઓ / સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે

| | | |
|---|---|---|
| કાર્ડિયોલોજી | જનરલ સર્જરી | કાર્ડિયો થોરાસિક સર્જરી |
| ન્યૂરોલોજી | ઓર્થોપેડિક | ન્યુરો / સ્પાઇન સર્જરી |
| ગેસ્ટ્રોએન્ટેરોલોજી | જોઈન્ટ રીપ્લેસમેન્ટ | ક્રિટિકલ કેર |
| નેફ્રોલોજી | ઈ.એન.ટી. | પેડિયાટ્રિક / નિયોનેટોલોજી |
| યુરોલોજી | પલ્મોનોલોજી | ડેન્ટિસ્ટ્રી |

**તમામ દર્દીઓને ૩૧/૦૧/૨૦૨૧ સુધી તપાસ મફત કરી આપવામાં આવશે:**

- કોવિડ બાદના : સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૦૦
  કોમ્પ્લીકેશન્સની તપાસ : બપોરે ૩.૦૦ થી સાંજે ૫.૦૦
- શ્વાસને લગતા રોગોની તપાસ : સાંજે ૫.૦૦ થી ૭.૦૦
- હાડકાંના રોગની તપાસ : સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૦૦
- મગજ અને કરોડરજ્જુની રોગના તપાસ : સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૩.૦૦
- બાળક અને નવજાત શિશુના રોગની તપાસ : સાંજે ૪.૦૦ થી ૬.૦૦

*એપોઇન્ટમેન્ટ ફરજિયાત

ઘૂંટણના સાંધાના રીપ્લેસ્મેન્ટ માટેના પેકેજ ફક્ત ₹૧,૦૦,૦૦૦/-* થી શરૂ
*શરતો ને આધીન

સરગાસણ થી રીલાયન્સ ક્રોસ રોડ,સરગાસણ,ગાંધીનગર-૩૮૨૪૨૧
ઇમરજન્સી નંબર: ૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭ / પેશન્ટ કોર્ડીનેટર: ૭૫૭૫૦૦૭૭૧૭, ૭૫૭૫૦૦૭૭૨૪

ચારધામ યાત્રા
પ્રવાસ : મે-જુન-સપ્ટેમ્બર-ઓક્ટોમ્બર-૨૦૨૧
By Plain Rs.22000/-*
દિવસ ૧૩/૧૪
By Train Rs.18000/-*
યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રિનાથ, હરીદ્વાર, ઋષિકેશ, દહેરાદુન, ચોપટા
રહેવા - જમવા તેમજ એર ટીકીટ - ટ્રેન ટીકીટ સાથે
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ M. 96246 39750

